# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા શુક્રવાર, તા.૦૮/૧૨/૨૦૨૩નાં રોજ સાંજે ૫-૩૦ કલાકે મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. નિરજા એ. ગુપ્તાએ સંભાળયું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૦૮/૧૨/૨૦૨૩ |
|---|---|---|
| ૧. | ડો. નિરજા એ. ગુપ્તા, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ડો. પિયુષ એમ. પટેલ, કુલસચિવ | હાજર |
| ૩. | ડો. નીતા શાહ | હાજર |
| ૪. | ડો. મીનુ શરાફ | હાજર |
| ૫. | ડો. પ્રણવ શ્રીવાસ્તવ | ગેરહાજર |
| ૬. | ડો. ભારતી વી. પાઠક | હાજર |
| ૭. | ડો. જેમ્સ એમ. ઇ. | હાજર |
| ૮. | ડો. ગોવિંદ ચૌધરી | હાજર |
| ૯. | ડો. હેમંત વૈષ્ણવ | હાજર |
| ૧૦. | ડો. મહેશ પટેલ | હાજર |
| ૧૧. | ડો. વિધ્યા રાવ | હાજર |

બા.ક્ર.૧ ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ ધ્વારા તા.૦૫/૧૦/૨૦૨૩ના નોટીફીકેશન No.GH/SH/34/GCU/2023/470/KH-1 ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઝ એકટ ૨૦૨૩નો અમલ તા.૦૯/૧૦/૨૦૨૩થી રાજય સરકારશ્રી શિક્ષણ વિભાગ ધ્વારા બહાર પાડેલ પરિપત્ર GCU/2023/470/KH-1 તા.૩૦/૧૦/૨૦૨૩નો ગુજરાત યુનિવર્સિટી ધ્વારા સ્વીકારી આનુષાંગિક કાર્યવાહી કર્યાનું.

ઠરાવ : કુલપતિશ્રીએ મંજુર કરેલ ઉપરોકત કાર્ય મંજુર કરવાનું રાખવું.

બા.ક્ર.૨ તા.૦૮-૧૦-૨૦૨૩ના પહેલાં મળેલ તમામ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજુર કરવા બાબત.

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે તા.૦૯/૦૮/૨૦૨૩નાં રોજ મળેલ સભા સહિત તા.૦૮-૧૦-૨૦૨૩ પહેલાં મળેલ તમામ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજુર કરવાનું રાખવું.

બા.ક્ર.૩ ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તેમજ ભવનો/વિભાગોમાં હંગામી ધોરણે નીમવાના થતાં કર્મચારીઓની ભરતીની કાર્યવાહી આઉટસોર્સીંગથી હાથ ધરવા ચર્ચા-વિચારણા કરવા બાબત.

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત હંગામી ધોરણે નીમવાના થતાં કર્મચારીઓની નિમણુંક ફક્ત આઉટસોર્સીંગથી નહીં કરતાં જાહેરાતના માધ્યમથી પસંદગીની જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરીને અથવા યુનિવર્સિટીને અનુરૂપ એવી યોગ્ય ભરતીની કાર્યવાહી મુજબ હાથ ધરવાનું રાખવું.

બા.ક્ર.૪ ગુજરાત યુનિવર્સિટી ખાતે વિવિધ ભવનોમાં MoU અંતર્ગત નોલેજ પાર્ટનર થકી ચાલતાં એચ.પી.પી. કોર્સ અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે વિવિધ ભવનોમાં MoU અંતર્ગત નોલેજ પાર્ટનર થકી ચાલતાં એચ.પી.પી. કોર્ષીસના નોલેજ પાર્ટનર સાથે કરવામાં આવેલ MoU રદ કરવાનું રાખવું અને સદરહુ એચ.પી.પી. કોર્ષીસ યુનિવર્સિટી હસ્તક ચલાવવાનું રાખવું.

બા.ક્ર.૫ ગુજરાત યુનિવર્સિટી ખાતે "સમર્થ સોફટવેર" સ્વીકારવા અને અમલીકરણ કરવા અંગે.

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે "સમર્થ સોફટવેર" સ્વીકારીને તેનું ઝડપથી અમલીકરણ કરવાનું રાખવું.

બા.ક્ર.૬ ગુજરાત યુનિવર્સિટી દ્વારા હાલમાં ૭૫ વર્ષ પૂર્ણ કરેલ હોઈ તેની પારસ પર્વ ઉજવણીના ભાગરૂપે ચર્ચા વિચારણા કરવા અંગે.

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા હાલમાં ૭૫ વર્ષ પૂર્ણ કરેલ હોઈ તેની પારસ પર્વ ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો યોજવાનું રાખવું અને તે માટે ખર્ચ મંજુર કરવા સહિત તમામ આનુષાંગિક કાર્યવાહી કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

બા.ક્ર.૭ ગુજરાત યુનિવર્સિટીમાં નાણાંકીય વહીવટી સરળતા માટે BSSમાંથી બજેટ હેડ બદલી IKSમાં તબદીલ કરવા અંગે.

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે નાણાંકીય વહીવટી સરળતા માટે BSSમાંથી બજેટ હેડ બદલી IKSમાં તબદીલ કરવાની મંજુરી આપવાનું રાખવું.

બા.ક્ર.૮ ગુજરાત યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક કર્મચારીઓની આવેલ ફરિયાદો બાબતે ચર્ચા-વિચારણા કરવા અંગે.

(૧) ગુજરાત યુનિવર્સિટી રાજ્યશાસ્ત્ર વિભાગમાં આસી.પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં મહિલા અધ્યાપકની તા. ૦૫/૧૦/૨૦૨૩ની તેઓના વિભાગના વડાશ્રી ડો. મુકેશ ખટીક વિરૂધ્ધ કરેલ પુરાવાઓ સહીતની ફરિયાદો પરત્વે આવેલ આદેશ અન્વયે ચેરપર્સન-આઈ.સી.સી./ડબલ્યુ.ડી.સી.ના આવેલ ખાનગી અહેવાલને વંચાણે લઈ કમીટીને તપાસ સોંપી આગળની આનુષાંગિક કાર્યવાહી કરવા ચર્ચા-વિચારણા કરવા બાબત.

**ઠરાવ:** રાજ્યશાસ્ત્ર વિભાગમાં આસી.પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં ડો. મુકેશ ખટીક વિરૂધ્ધ મહિલા અધ્યાપક ધ્વારા કરવામાં આવેલ જાતીય સતામણી અને વ્યકિતગત હેરાનગતિની ફરિયાદો

કરવામાં આવેલ તે અંગે આઈ.સી.સી./ડબલ્યુ.ડી.સી.ના આવેલ ખાનગી અહેવાલ પરત્વે ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે સદર બાબતે રાજ્યશાસ્ત્ર વિભાગના આસી. પ્રોફેસર ડો. મુકેશ ખટીક સામે ખાતાકીય જયુડીશ્યલ તપાસ કરવાનું રાખવું અને આ કાર્યવાહી સંવેદનશીલ હોઇ તપાસમાં કોઇપણ જાતની દખલગીરી ન થાય તે હેતુથી ડો. મુકેશ ખટીકને તાત્કાલિક ધોરણે ફરજમોકૂફ (suspend) કરવાનું રાખવું તથા તપાસ અંગેની તમામ આનુષાંગિક કાર્યવાહી કરવાની સંપૂર્ણ સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

(૨) નાયબ નિયામક, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરથી આવેલ પત્રાંક નં. આઈએસસી-૭/મુમક સંદર્ભ/૨૦૨૩/૩૧૨૨ તા.૨૬-૦૬-૨૦૨૩ના સંદર્ભે ગુજરાત યુનિવર્સિટી ખાતે સેલ્ફ ફાયનાન્સ ધોરણે ચાલતાં સમાજકાર્ય વિભાગમાં ખોટી અને ગેરકાયદેરની નિમણૂંક રદ કરવા આવેલ રજૂઆત અંગે ચર્ચા-વિચારણા કરવા બાબત.

**ઠરાવ:** સમાજકાર્ય વિભાગમાં આસી. પ્રોફેસર તરીકે ફરજ બજાવતા શ્રી વિપુલ પટેલની કરેલ નિમણુંક ગેરકાયદેસર હોવાના ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના ઉપરોક્ત પત્રને ધ્યાને લઇને ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે શ્રી વિપુલ પટેલ સામે ખાતાકીય જયુડીશ્યલ તપાસ કરવાનું રાખવું તથા તપાસ અંગેની કાર્યવાહી કરવાની સંપૂર્ણ સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

(૩) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરથી આવેલ પત્રાંક નં. આઈએસસી-૭/મુમક સંદર્ભ/૨૦૨૩/૭૭ તા.૦૩-૦૮-૨૦૨૩ના સંદર્ભે ગુજરાત યુનિવર્સિટી ખાતે "Illegal appointment of Vanraj Chavda at Gujarat University, Ahmedabad"ની ફરિયાદ સંદર્ભે આવેલ રજૂઆત અંગે ચર્ચા-વિચારણા કરવા બાબત.

**ઠરાવ:** ભારતીય સંસ્કૃતિ (Indian Culture) વિભાગમાં આસી. પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો. વનરાજસિંહ ચાવડાની કરેલ નિમણુંક ગેરકાયદેસર હોવાના ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના ઉપરોકત પત્રને ધ્યાને લઇને ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે ડો. વનરાજસિંહ ચાવડા સામે ખાતાકીય જયુડીશ્યલ તપાસ કરવાનું રાખવું તથા તપાસ અંગેની કાર્યવાહી કરવાની સંપૂર્ણ સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

બા.ક્ર. ૯ MoU અંતર્ગત એચ.પી.પી. ધોરણે ચાલતાં ડીપાર્ટમેન્ટ ઓફ એનીમેશન, આઈટી આઈએમ અને મોબાઈલ એપ્લીકેશનના કો-ઓર્ડીનેટર તરફથી આવેલ તા.૩૦-૧૧-૨૦૨૩ના પત્ર અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે MoU અંતર્ગત એચ.પી.પી. ધોરણે ચાલતાં ડીપાર્ટમેન્ટ ઓફ એનીમેશન, આઈટી આઈએમ અને મોબાઈલ એપ્લીકેશનના કો-ઓર્ડીનેટર તરફથી આવેલ ઉપરોકત તા.૩૦-૧૧-૨૦૨૩નો પત્ર તેમજ સદર ડિપાર્ટમેન્ટના પૂર્વ કો-ઓર્ડિનેટર અને કોમ્પ્યુટર સાયન્સ ડિપાર્ટમેન્ટના એસોસીએટ પ્રોફેસર શ્રી કમલજીત લખતરીયા તરફથી મળેલ ખુલાસા જોતાં તેમની સામે આંતરિક તપાસની

કાર્યવાહી હાથ ધરવાનું રાખવું અને તે પરત્વે તમામ આનુષાંગિક કાર્યવાહી કરવાની સંપૂર્ણ સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

બા.ક્ર.૧૦ દિલ્હીના મુખ્યમંત્રી શ્રી અરવિંદ કેજરીવાલ તથા દિલ્હીના ધારાસભ્યશ્રી સંજયસીંઘ વિરૂધ્ધ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, ઘીકાંટા, સેશન્સ કોર્ટ, ભદ્ર, નામ. ગુજરાત હાઈકોર્ટ તથા નામ. સુપ્રીમ કોર્ટ ખાતે થયેલ ક્રીમીનલ અરજી, સ્પે.સી.એ, એસ.પી.એલ. (ક્રીમી), ઈ. દાખલ થયેલ છે. સદર તમામ કેસ સંદર્ભે યુનિવર્સિટી તરફથી રોકવામાં આવેલ એડવોકેટ અંગે ચૂકવેલ કુલ ખર્ચ ની બાબત જાણ સારૂં તથા આગામી સમયે સદર કેસ સંદર્ભે કાયદાકીય કાર્યવાહી અંગે થનાર એડવોકેટનો તમામ આનુષાંગિક ખર્ચ પરત્વે વિચારણા કરવા બાબત.

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવેલ છે કે ઉપર દર્શાવેલ તમામ કેસ સંદર્ભે યુનિવર્સિટી તરફથી રોકવામાં આવેલ એડવોકેટને ચુકવેલ ખર્ચ મંજુર કરવાનું રાખવું અને સદર કેસ સંદર્ભે કાયદાકીય કાર્યવાહી અંગે હવે પછી થનાર તમામ આનુષાંગિક ખર્ચ મંજુર કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

બા.ક્ર.૧૧ યુનિવર્સિટીના તમામ શૈક્ષણિક કર્મચારીઓના યુ.જી.સી.ના તથા રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS) અંતર્ગત બઢતી આપવા અંગે Internal Quality Assurance Cell (IQAC) દ્વારા મંજૂર કરેલ એલીજીબલ ઉમેદવારોના તા.૩૦-૦૧-૨૦૨૩ થી તા.૦૨-૧૨-૨૦૨૩ સુધી કરેલ ઈન્ટરવ્યુ અંગેની કાર્યવાહી તથા CAS અંતર્ગત રોકાયેલ કર્મચારીઓને મહેનતાણું ચુકવવા તથા તે અંગે થયેલ તમામ આનુષાંગિક ખર્ચની બાબત ચર્ચા વિચારણા કરવા અંગે (કમીટીએ કરેલ ભલામણો **પરિશિષ્ટ.....** તરીકે સામેલ છે).

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS) અંતર્ગત બઢતી આપવા અંગે એલીજીબલ ઉમેદવારોના ઇન્ટરવ્યુ અંગેની કાર્યવાહી બાદ સ્ક્રુટીની/સિલેકશન કમીટીએ કરેલ ભલામણો પૈકી જે ઉમેદવારોની ઇન્કવાયરી હજી પેન્ડીંગ છે તે સિવાયના ઉમેદવારોના કિસ્સામાં કમીટીએ કરેલ ભલામણોનો સ્વીકાર કરવાનું રાખવું અને કમીટી ધ્વારા સ્વીકાર કરેલ લાયક ઉમેદવારોને પ્રમોશનના ઓર્ડર આપવાનું રાખવું, પરંતુ સરકારશ્રીની મંજુરી મળ્યા બાદ પગાર તથા તફાવત ચુકવવાનું રાખવા તથા જે ઉમેદવારોની ઇન્કવાયરી પેન્ડીંગ છે તેમના ઇન્કવાયરી રીપોર્ટ મળ્યા બાદ સદરહુ ઉમેદવારોના કિસ્સામાં આનુષાંગિક કાર્યવાહી કરવાનું રાખવું. વધુમાં ઠરાવવામાં આવ્યું કે જે ઉમેદવારોને બે પ્રમોશન હોય તેમને હાલ પ્રથમ પ્રમોશનનો ઓર્ડર આપવાનું રાખવું, પરંતુ સરકારશ્રીની મંજુરી મળ્યા બાદ પગાર તથા તફાવત ચુકવવાનું રાખવું ત્યારબાદ બીજા પ્રમોશન અંગેની કાર્યવાહી કરવાનું રાખવું તેમજ CAS અંતર્ગત રોકાયેલ કર્મચારીઓને મહેનતાણું ચુકવવા તથા તે અંગે થયેલ તમામ આનુષાંગિક ખર્ચ મંજુર કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

બા.ક્ર.૧૨ ગુજરાત યુનિવર્સિટીમાં વર્ચ્યુઅલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટની મીટીંગ થઈ શકે તે માટે દરેક સભ્યોને ટેબલેટ આપવા ચર્ચા વિચારણા કરવા બાબત.

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે વર્ચ્યુઅલ મીટીંગ માટે એકિઝકયુટિવ કાઉન્સિલ તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટના દરેક સભ્યશ્રીઓને જરૂરિયાત મુજબ ટેબલેટ/આઇપેડ/લેપટોપ આપવાનું રાખવું.

બા.ક્ર.૧૩ શેઠ આર.એ.ભવન્સ કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ,ખાનપુર,અમદાવાદની એચ.પી.પી.ધોરણે આપેલ કોર્સીસની મંજુરીને ઓ.૧૨૦સી હેઠળ તબદીલ કરવા બાબતની સંસ્થાની અરજી પર વિચારણા કરવા બાબત. (સંસ્થાની અરજી **પરિશિષ્ટ** - -થી સામેલ છે).

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે શેઠ આર.એ.ભવન્સ કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ,ખાનપુર,અમદાવાદની એચ.પી.પી.ધોરણે આપેલ કોર્સીસની મંજુરીને ઓ.૧૨૦સી હેઠળ તબદીલ કરવાનું રાખવું.

બા.ક્ર.૧૪ યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતાં કર્મચારીઓ કે જે ફરજ દરમ્યાન અવસાન પામેલ છે, તેવા તમામ કર્મચારીઓને શ્રધ્ધાંજલી આપવા અંગે.

**ઠરાવ :** આ સભા યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા કર્મચારીઓ કે જે ફરજ દરમ્યાન અવસાન પામેલ છે તેવા તમામ કર્મચારીઓના દુ:ખદ અવસાનથી ઉંડા શોકની લાગણી અનુભવે છે અને પરમકૃપાળુ પરમાત્મા સદ્દગતના દિવંગત આત્માઓને શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનોને આ દુ:ખ સહન કરવાની શકિત આપે તેવી પ્રાર્થના સાથે આ સભા શ્રધ્ધાંજલિ અર્પે છે.

ઉપરનો શોકદર્શક પ્રસ્તાવ સભાગૃહે સભાનું કામકાજ શરૂ કરતાં પહેલાં ઉભા થઇને એક મીનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પી પસાર કર્યો.

બા.ક્ર.૧૫ માન.કુલપતિશ્રીને ઉદ્દેશીને તા.૩૦-૧૧-૨૦૨૩ના રોજ ડો. વિરાજ અમર, ચીફ કો-ઓર્ડીનેટર, ઉપાસના સ્કૂલ ઓફ પર્ફોર્મીંગ આર્ટસ દ્વારા આપવામાં આવેલ પત્ર અંગે ચર્ચા-વિચારણા કરવા બાબત.

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે ડો. વિરાજ અમર, ચીફ કો-ઓર્ડીનેટર, ઉપાસના સ્કૂલ ઓફ પર્ફોર્મીંગ આર્ટસને ઓનરરી ડાયરેકટરનો હોદ્દો આપવાનું રાખવું અને માસિક રૂ.૧,૭૦,૦૦૦/- માનદ્ વેતન ચુકવવાનું રાખવું.

બા.ક્ર.૧૬ ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઝ એકટ ૨૦૨૩ અંતર્ગત ગુજરાત યુનિવર્સિટી ખાતે ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઓફ મેનેજમેન્ટ તેમજ એકિઝકયુટિવ કાઉન્સિલની રચના કરવામાં આવેલ છે. ઉકત બોર્ડ ઓફ મેનેજમેન્ટ તેમજ એકિઝકયુટિવ કાઉન્સિલને ઓનલાઇન તેમજ પેપરલેસ કરવા અંગે જરૂરી કાર્યવાહી કરવા બાબત.

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઓફ મેનેજમેન્ટ તેમજ એકિઝકયુટિવ કાઉન્સિલને જરૂરિયાત મુજબ ઓનલાઇન તેમજ પેપરલેસ કરવાનું રાખવું.

બા.ક્ર.૧૭ એમ.જી.સાયન્સ ઇન્સ્ટીટયૂટ, અમદાવાદ અને એચ.એલ.કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદને યુ.જી.સી. ધ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી ૨૦૩૩-૩૪ સુધીનું ઓટોનોમસ સ્ટેટસ આપવામાં આવેલ છે જે અન્વયે યુ.જી.સી. ગાઇડલાઇન્સ અને ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઝ એકટ-૨૦૨૩ના નિયમ ધ્યાને લઇ સંસ્થાની ઓટોનોમસની અરજીઓ પર ચર્ચાવિચારણા કરવા બાબત (સંસ્થાની અરજી યુ.જી.સી. ગાઇડલાઇન્સ અને ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઝ એકટ-૨૦૨૩ના નિયમો પરિશિષ્ટ- થી સામેલ છે)

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બન્ને સંસ્થાઓએ કરેલ ઓટોનોમસની અરજીઓ નિયમોનુસાર મંજુર કરવાનું રાખવું.

બા.ક્ર.૧૮ ગુજરાત યુનિવર્સિટી ખાતે વિધ્યાર્થીઓની માર્કશીટ/ડિગ્રી/વેસ (WES) તથા પરીક્ષાર્થીના ડેટાનું વેરીફીકેશન અંગેની અન્ય કામગીરી હાલ બાહય એજન્સી ધ્વારા થાય છે જે અંગે ચર્ચાવિચારણા કરવા બાબત.

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ખાતે ઉપરોક્ત કામગીરી હાલ જે બાહય એજન્સી ધ્વારા થાય છે તે એજન્સીને રદ કરવાનું રાખવું અને સદરહુ તમામ કામગીરી યુનિવર્સિટીએ પોતાની સીસ્ટમ ધ્વારા કરવાનું રાખવું.

બા.ક્ર.૧૯ આઇ.કે.એસ. ની એડવાઇઝરી બોડી મંજુર કરવા બાબત.

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે આઇ.કે.એસ.ની એડવાઇઝરી બોડીની રચના કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કુલસચિવ

નં.એકેડેમિક/ 27 /૨૦૨૩
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ, તા. ૧૪-૧૨-૨૦૨૩